# શું મમ્મા, તમે પણ....!

–વર્ષા અડાલજા

આખરે બદલીનો ઓર્ડર આવી ગયો. મીરાંએ કેટલી કોશીશ કરી હતી તે રોકવાની ! મૅનેજર મી. અસરાનીને વીનન્તીઓ કરી, હેડ ઑફીસમાં ચક્કર ચલાવવાની કોશીશ પણ કરી જોઈ. સુબોધને કહી દીધું હતું, કોઈને ‘ફુલપાંદડી’ આપવાની હોય તોય વાંધો નથી; પણ બદલી તો ન જ જોઈએ.

કશું ન ચાલ્યું. સરકારી નોકરીમાં એક અને અવીચળ સત્ય, તે બદલી. છોડની જેમ ખેંચીને ઉખેડી ક્યાંના ક્યાં ફંગોળી દે. ‘અરે સુબોધ ! તને શી ખબર ! બદલીના કેવા કેવા ખેલ ખેલાય ! તમને ભોજીયોય ન ઓળખે ત્યાં જઈ નવું ઘર માંડો કે પેઈંગ ગેસ્ટ–ગેસ્ટ હાઉસ એ ચીન્તા તમારી. નોકરીની ખીંટીએ જીવન ટીંગાતું હોય ત્યાં લોકો કરેયે શું ! જાયે તો જાયે કહાં ?’

‘તારું લાંબું ભાષણ સાંભળ્યું; પણ તને વાંધો શો છે ?’

સુબોધ ઑફીસેથી આવતાં ફરી બદલીની વાત ઉખળી. મીરાં મોં ચડાવીને બેઠી હતી. હરસુતાબહેન સમોસાં તળતાં હતાં. એ પ્લેટ લઈને બહાર આવ્યાં.

‘લ્યો, બેય થાકીને કામ પરથી આવ્યાં છો, ગરમ નાસ્તો કરો. પછી ચર્ચા કરજો.’

મીરાં ખુશ થઈ ગઈ. સવારે રોટલી–શાકના લંચમાં કંઈ મઝા નહોતી આવી અને સેન્ડવીચવાળા પાસે પણ ભીડ હતી. ભુખ ભડભડતી હતી. ત્યાં બદલીનો ઓર્ડર ! માથું ફરી ગયું હતું. સુબોધને જવાબ આપવાને બદલે મીરાં જલદી ગરમ સમોસા ખાવા લાગી. મોટો ગ્લાસ ભરીને ઠંડું પાણી પીતાં ઠંડો શેરડો પડ્યો. હાશકારો થઈ ગયો.

‘ભુખનો હુમલો શમ્યો ? તો હવે બોલ, બદલીનો ઓર્ડર આવ્યો તે આવ્યો. રોજ હજારો લોકોની બદલી થાય છે, તારી કંઈ નવીનવાઈની છે ?’

મીરાંએ સાસુની મદદ માંગી. હમ્મેશની જેમ. ‘મમ્મા તમે જ બોલો, સાવ અજાણ્યા ગામમાં જઈ, સાંજ પછી માખી મારવાનો બીઝનેસ કરું ? શની–રવી રજાઓમાં ભુતની જેમ ધુણું ?’

‘ભુત ન ધુણે; ભુવો ધુણે, મીરાંજી !’ સુબોધને હસવું આવ્યું. મીરાંનો મીજાજ ફરી છટક્યો. સમોસું છુટ્ટું મારવાનું મન થયું; પણ ગરમ સમોસાની સુગન્ધે લોભાઈ માંમાં મુક્યું.

‘જુઓ મમ્મા, સુબોધ મારી વાત હસી કાઢે છે. એનું ચાલે તો ડાકલાં લેવા દોડશે પછી કહેશે ત્યાં ધુણજે.’

‘સૉરી મીરાં, તારી મશ્કરી કરવાનો મારો ઈરાદો થોડો હોય ? તારી વાત કબુલ કરું છું. અજાણ્યું ગામ અને કોઈ સમ્બન્ધીઓ પણ નહીં; એકલું તો લાગે જ. શની–રવી રજાઓમાં આપણે અપડાઉન કરતાં રહીશું. વરસ તો ક્યાંય નીકળી જશે...’

‘વરસના દીવસ ૩૬૫ હોય છે, ખબર છે ને ! કેમ મમ્મા ?’

હરસુતાબહેન નીરાંતે દીકરા–વહુને સામસામે ફુલદડો ફેંકતાં હોય તેમ ચણભણ કરતાં જોઈ રહ્યાં એમને કોઠે ટાઢક હતી. બન્ને વચ્ચે પ્રેમ હતો અને સમજણ પણ હતી. આમ તો કુંડળીઓ મેળવી, દોકડા ગણીને કરેલાં લગન. કાકીને ત્યાં ઉછરેલી મીરાં ઉલટથી, ‘આ તો મારો પોતાનો સંસાર’ કહીને મા–દીકરાનાં જીવનમાં સમરસ થઈ ગઈ હતી. સુબોધ સાથે બહાર જતી હોય ત્યારે એમનેય સાથે પરાણે લઈ જતી, ‘બહુ સરસ ફીલ્મ છે, તમેયે ચાલો. ઘરે એકલાં નથી બેસી રહેવાનું. કમોન મમ્મા ! સાઈઠ વળોટ્યાં એટલે ધરાર ભજનમાં જવું ને મન્દીરે ચક્કર કાપવાનાં ? સરસ મનભર જીવો તેય પ્રાર્થના જ છે.’ મીરાંએ એને કોચલામાંથી બહાર કાઢી હતી. ધોળીફક્ક સાડીઓ ધરાર આપી દીધી અને આછા રંગની બોર્ડરવાળી, ભરતવાળી સાડીઓ લઈ આવી હતી, ‘મમ્મા ! હવેથી તમારે આ જ સાડીઓ પહેરવાની. જો નહીં પહેરો તો હું યુદ્ધની ઘોષણા કરીશ.’

હરસુતાબહેને પહેલેથી જ નક્કી કર્યું હતું. જો સુબોધની પત્ની સાથે નહીં બને અથવા એમને અલગ રહેવું હોય તો ખુશીથી બન્ને એમની અલગ દુનીયા વસાવે. સુબોધ નાનો હતો ત્યારથી એને એકલાએ જ છાતીએ ચાંપી મોટો કર્યો હતો; પણ લગ્ન પછી કોઈને એની અમાનત સોંપી દેશે. પોતાના પુત્રને મીલકતની જેમ સખત જાપ્તામાં તો નહીં જ રાખે; પણ મીરાં લગ્ન પહેલાં ઘરે પહેલી વાર આવી ત્યારે એવા ઉમળકાથી પગે લાગવાને બદલે ભેટી પડી હતી, ત્યારથી બન્ને મીત્રો બની ગયાં હતાં.

‘અરે મમ્મા, તમે તો કંઈ બોલતાં જ નથી ! ક્યારની તમને પુછું છું, સુબોધને સમજાવોને ! મારે ટ્રાન્સ્ફર જોઈતી નથી, બસ. અને છતાં એ લોકો જો ધરાર મને કોઈ ગામડામાં ધકેલી દેશે તો રાજીનામું જ મુકી દઈશ... ઝંઝટ જ નહીં ને !’

‘ના, ના, પ્લીઝ. એવું ન કરતી. એક વરસનો તો સવાલ છે ! તને ખબર છે ને કે સરકારી નોકરીમાં જે બદલી સ્વીકારે છે એને જ પ્રમોશન મળે છે ! ઑફીસમાં તારું લેડીઝ ગ્રુપ બની ગયું છે.’

મીરાં હવે ખરેખર ચીડાઈ, ‘એ બધું મેળવવાના લોભમાં મમ્માને ત્રાસ આપવાનો ? એ કેવાં એકલાં પડી જશે ! કામનો બોજ વધશે.’

હરસુતાબહેને તરત વચમાં કહ્યું, ‘બેટા ! મારી ફીકર નહીં કર. હું મજામાં છું, તું જુએ છે ને ! તને કાળાપાણીની સજા થોડી થાય છે ! આપણે મળતાં રહીશું ને ! એક વરસ તો ક્યાંય નીકળી જશે.’

‘જો મમ્મા પણ કહે છે ને ! માની જા,મીરાં, ચાલ, તારે શી શી ખરીદી કરવી છે, લીસ્ટ કરી કાલે પૅકીંગ કરીશું. ઓ.કે. ?’

સુબોધ ઉઠવા જતો હતો કે ઘવાયેલા સ્વરે મીરાંએ લાગલું જ કહ્યું, ‘તો તેં નક્કી જ કરી નાખ્યું છે કે મને અહીંથી ધકેલી દેવી !’

અચાનક મીરાંએ તીક્ષ્ણ વસ્તુનો ઘા કર્યો હોય એમ ‘ધકેલી’ શબ્દે સુબોધને ચોટ પહોંચાડી. એ સોફામાં બેસી પડ્યો, ‘એટલે તું એમ માને છે કે હું તને અહીંથી કાઢી મુકવા માગું છું ? તારા પરથી મારું મન ઉઠી ગયું છે એમ ?’

હરસુતાબહેનનું હૃદય ફફડી ઉઠ્યું. બે વર્ષનાં લગ્નજીવનમાં સુબોધ–મીરાંની વચ્ચે બોલાચાલી તો શું, મન પણ કદી ઉંચાં થયાં નહોતાં. બે જણનો સંસાર. મીરાંએ એમાં ત્રીજો ખુણો રચીને એક સરસ આકૃતી રચી દીધી હતી; પણ આજે કોઈ અચાનક એ સુન્દર આકૃતી પર કુચડો ફેરવવા તૈયાર થઈ ગયું હતું કે શું ? પણ એ વચ્ચે બોલે એ પહેલાં જ મીરાંએ ઉશ્કેરાટમાં કહી દીધું, ‘એવું મેં ક્યારે કહ્યું ? હા, કદાચ આપણે ફ્લેટ બુક કર્યો છે એનો હપ્તો ભરવાની તને ચીન્તા હોય ...બની શકે...’

વીજળીના ખુલ્લા તારને અડી જવાયું હોય એમ ઝટકા સાથે તે ઉભો થઈ ગયો, ‘થેંન્ક્સ, તારા પૈસાથી ફ્લેટ બુક થયો છે તે તેં યાદ કરાવ્યું. સાચે જ હું ભુલી ગયો હતો. બીલ્ડરને જ ફ્લેટ પાછો ખરીદી લેવામાં રસ છે. ભરેલી રકમ વ્યાજ સાથે લઈ પીયુષે પાછો આપી દીધો. હું પણ વેચી દઈશ અને તારા પૈસા તને પાછા આપી દઈશ. ખુશ ? રાજીનામું મારે ટાઈપ કરવાનું હોય તો મને ઑફીસે ફોન કરજો.’

બન્ને એક સાથે ઉભાં થઈ ગયાં. ત્રણેયની હાજરી છતાં ઘર નીર્જન લાગવા માંડ્યું. જલદી તૈયાર થઈ સુબોધ એકલો ઑફીસે જવા નીકળી ગયો. પાછળ જ, ‘બાય મમ્મા, આજે બધું બ્રેકફાસ્ટમાં ખવાઈ ગયું. લંચબોક્સ નહીં કરતાં’ બોલતી બોલતી મીરાં પણ નીકળી ગઈ.

દરવાજો બંધ થયો, જાણે બારીબારણાં વીનાના ખંડમાં પુરાઈ ગયાં હોય એવી ગુંગળામણ હરસુતાબહેનને થઈ આવી. બસ, એક નાની સરખી વાત; પણ શાહીનું ટીપું ફેલાતું જાય એમ આખા જીવન પર એક ધબ્બાની જેમ ઘાટઘુટ વગરનો આકાર રચી દીધો. આજથી પચીસ વરસ પર, જમવાની કોઈ નહીં જેવી વાત પરથી બે શબ્દ પતીએ કહ્યા, એણે ચાર, પછી એનો સરવાળો થતો ગયો અને એ ઘર છોડી ક્યાં ચાલી ગયા, એમનું શું થયું, તે આજ સુધી કદી ખબર ન પડી ! પચીસ વર્ષ તપ કરતાં હોય તેમ જીવ્યાં એનું ફળ પણ ઈશ્વરે કેવું સરસ આપ્યું હતું ! સુબોધ જેવો હોશીયાર દીકરો અને મીરાં જેવી મજાની વહુ !

હરસુતાબહેન પરાણે ઉઠ્યાં, થોડું ખાઈ લીધું, બધું ઢાંકી દીધું. કામ કરવા વીજુ આવી ગયો. બપોરનો આ સમય એમનો ટીવી સીરીયલ્સ જોવાનો. રીમોટ હાથમાં લઈ ટીવી જોતાં હતાં; પણ મનમાં ઉથલપાથલ ચાલતી હતી.

કૉલેજ પુરી કરી, સમય પસાર કરવા મીરાંને બહેનપણીની ખાલી જગ્યા પુરવા બે મહીના માટે નોકરી મળી હતી; પણ એ સમયગાળો લંબાતો ગયો અને એ કાયમી થઈ ગઈ. પગાર સારો હતો, ઑફીસમાં બહેનપણીઓ બની ગઈ હતી. લગ્નની વાત થઈ ત્યારે એમણે જ સામેથી કહ્યું હતું, ‘ચીન્તા ન કરશો. મીરાંને કામ કરવું હોય તો અમે રાજી છીએ. આટલું ભણી

તેનો ફાયદો શો ? એને મનગમતું હોય તો ખુશીથી કરે અને ન કરવું હોય તો મને કે સુબોધને વાંધો નથી. એનાં પગાર–બોનસની અમને લાલચ હોય એવું ન માનશો...'

માને બદલે મીરાં જ બોલી હતી, 'અને તમેય એવું ન માનશો આન્ટી કે હું કમાઈશ ને મારું–તારું કરીશ. જે હોઈ તે સહુનું જ ગણાય.'

હરસુતાબહેન ગદ્ગદ થઈ ગયાં હતાં. જેમણે વચ્ચે રહીને બે કુટુમ્બોને મેળવ્યાં હતાં એમણે કહ્યું હતું, 'મીરાં સુબોધ માટે હા પાડે તો તમે ભાગ્યશાળી, દીલની સાફ, મજાની છે.'

ટીવી સ્વીચ ઓફ કરી હરસુતાબહેન ઉઠ્યાં. સવારનું અખબાર લઈ બેડરુમમાં આવ્યાં. આડાં પડ્યાં. કશુંય થવાનું નથી, મનને આશ્વસ્ત કરવા મથ્યાં. બન્ને કેટલાં સમજદાર અને એકમેકની કાળજી કરે એવાં ! પણ મન ઉંચાં થશે તો દુર રહ્યે રહ્યે એક કેમ થશે ? અને જોડે રહેશે તો... એજ બળતરામાં જરી આંખ મીંચાઈ ગઈ.

સાંજે બન્ને ઑફીસેથી આવ્યાં. રોજની જેમ ખાસ વાતો ન થઈ. રસોઈ થઈ. જમ્યાં. 'પાન ખાઈ આવું,' એવું મોટેથી બોલતો સુબોધ ગયો. હરસુતાબહેન મીરાં પાસે આવ્યાં. એ સવારે પહેરવાની સાડી પસંદ કરતી હતી. એમણે હાથ પકડી મીરાંને પાસે બેસાડી.

બેસને ઘડીક. સાડીની થપ્પી ખસેડતી એ બેઠી.

'આજે કોનો પક્ષ લેવાનાં છો, મમ્મા ?' હરસુતાબહેને વહાલથી એને માથે હાથ ફેરવ્યો, 'ગાંડી રે ! આ કંઈ યુદ્ધભુમી છે તે મારે પક્ષ લેવાનો વારો આવે ? તને કદી કહ્યું નથી; પણ આજે તમારાં લગ્ન પહેલાંની એક વાત યાદ આવી.'

'બોલો, તો હુંય તમારી સ્મૃતીયાત્રામાં જોડાઉં.'

'ના. આ તો અમારા બે વચ્ચેની ખાનગી વાત હતી; એટલે કે છે.'

'મમ્મા, તમે રહસ્યકથાની જેમ વાત માંડો છો, હોં !'

'વાત તો રહસ્યની જ છે. મારી અને તારી મમ્મી વચ્ચેની મુલાકાત, તેય રેસ્ટોરન્ટમાં.'

મીરાં નવાઈ પામી ગઈ. આ તો વળી નવું ! અમારાં બન્નેની માતાઓ મળી હતી અને અમને ખબર જ નહીં !

'તારાં મમ્મીનો ફોન આવેલો કે...' મીરાં આખી વાત ઉત્સુકતાથી સાંભળી રહી. ઘરમાં કોઈને કહ્યા વીના બન્ને મમ્મીઓ મળી હતી. આમ તો બન્ને કુટુમ્બો એકમેકથી અજાણ્યાં હતાં. આશાબહેનનો આગ્રહ હતો હરસુતાબહેનને મળવાનો. એમની દીકરી મીરાંની વાત કરવી હતી. બહુ ભોળી અને પ્રેમાળ; પણ નાનપણથી જ બહુ બીકણ. અંધારાથી ડરે, કુતરા–બીલાડાંની તો બહુ બીક. એક વાર પ્રાણીબાગ લઈ ગયા, તો સીંહનું પાંજરું જોઈ  તાવ ચડી ગયેલો. અજાણ્યા સાથે વાત પણ ન કરે. બાપુજીએ તો સાઈકીયાટ્રીકનેયે બતાવેલું. એણે સલાહ આપેલી : 'ઘણાં બાળકો નાનપણથી ડરપોક અને શરમાળ હોય છે. બધાં સાથે ભળતાં શીખવવાનું કામ તમારું. નહીં તો મોટી થતાં આવી એની પ્રકૃતી એનો વીકાસ નહીં થવા દે.' મીરાંને થોડો સમય દવાઓ

પણ આપેલી. એટલે કૉલેજ પુરી થતાં બાપુજીએ જ નોકરીનો આગ્રહ કરેલો. કાયમી ધોરણે નોકરી થાય તે માટે ચાલીસ હજાર ચુકવ્યા હતા. ધીમે ધીમે મીરાંના વ્યક્તીત્વમાં નીખાર આવવા લાગ્યો પછી...

'અને મમ્મા, તમે આ બધું જાણતા હતાં છતાં તમે મારી સાથે સુબોધનાં લગ્નનો આગ્રહ રાખ્યો ?'

'સાચું પુછ તો બેટા, મેં જ સુબોધને આ વાત કરી તારી સાથે લગ્ન કરવાની સલાહ આપેલી. આવી નાની સરખી વાત માટે તારા જેવું રતન અમે ખોઈએ ? તારી બદલી માટેના સુબોધના આગ્રહને હવે તું સમજે છે ને ! નોકરી છોડી ઘરમાં બંધાઈ રહે એવી અમારી બન્નેની ઈચ્છા નહીં. તને ઉંચું પદ મળે, તારું માન–સન્માન થાય એનો અમને કેટલો હરખ છે !

મીરાં નીચું જોઈ સાડીના છેડા સાથે રમત કરતી હતી. આ નાની સરખી વાત નહોતી; છતાં સાસુ કેટલી સાહજીકતાથી કહી રહ્યાં હતાં ! સુબોધ લગ્નની ના પાડી શક્યો હોત. કેટલા પુરુષ, પત્નીના વ્યક્તીત્વને ખીલવવા માટે ચીન્તીત રહેતા હશે !

એને યાદ આવ્યું. એનાં સુવર્ણાફોઈની સગાઈ તુટી ગયેલી. એ પડી ગયેલાં ને જખમનો આછો કાળો ડાઘ રહી ગયેલો. સગાઈ પછી ઘરે જમવા બોલાવ્યા, ડાઘ જોયો. થયું. સમ્બન્ધ પર પુર્ણવીરામ. 'છોકરીને ચામડીનો કોઈ રોગ છે એ નક્કી.' કેટલું કરગર્યા, ડૉક્ટરને બતાવવાનું કહેલું; પણ સુવર્ણાફોઈએ જ ના પાડી દીધેલી. 'જે આટલા અમથા ડાઘથી પરેશાન છે એ ભવીષ્યમાં મારે માથે વીપત આવશે તો શું મારી પડખે ઉભો રહેશે ! મારા હાથ પર ડાઘ છે; પણ એના તો મન પર ડાઘ છે.'

સુવર્ણાફોઈ જ્યારે બોલતાં હતાં તે સમયે તેમની તેજભરી આંખો એની સ્મૃતીફ્રેમમાં મઢાઈ હતી.

હરસુતાબહેને મીરાંનો નીચે ઢળેલો ચહેરો ઋજુતાથી ઉંચો કર્યો, – 'બેટા, પૈસા માટે નહીં; પણ તું તારે માટે જા. આ પરીચીત હુંફાળા વાતાવરણના કોચલામાંથી તું બહાર આવી તારી આવડતથી તારી જગ્યા બનાવ. તારી જ નજરમાં તારું આત્મસન્માન કેટલું થશે એનો અનુભવ તો કરી જો, ગાંડી રે ! અમે તને એકલી થોડી પડવા દઈશું ? તોય તને ત્યાં ન ગમે તો એક ફોન જ બસ છે ! શરત મારવી છે કેટલી ઝડપથી સુબોધ એની પત્નીને તેડવા જાય છે ?'

'શું મમ્મા, તમે પણ......' કહેતી મીરાં સાસુને વહાલથી વળગી પડી.

–વર્ષા અડાલજા

નવેમ્બર 2012ના 'અખંડ આનંદ'ના 'દીપોત્સવી'અંકના પાન 30 ઉપરથી
લેખીકાબહેનની પરવાનગીથી સાભાર...ઉત્તમ ગજ્જર..

લેખીકાસમ્પર્ક:
વર્ષા અડાલજા

એ–2, ગુલબહાર, મેટ્રો સીનેમા પાછળ, બેરેક રોડ, મુમ્બઈ – 400 020
ફોન : 022- 2200 7434 મોબાઈલ : 98230 76673
ઈ–મેઈલ : varshaadalja@gmail.com

♦●♦

'સન્ડે ઈ-મહેફીલ - 'વર્ષઃ આઠમું - અંકઃ 270 – May 19, 2013
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 2,10,10,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 18,88,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 4,60,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@